# પ્રચારના પડઘમ શાંત વડાપ્રધાન મોદીએ કહ્યુ : ચૂંટણી શાનદાર રહી

**નવીદિલ્હી** ,તા.૧૭

ચૂંટણી પ્રચાર શાંત થઈ થયો છે. સાતમા અને અંતિમ ચરણ માટે રવિવારના રોજ મતદાન થવાનું છે. ત્યારે વડાપ્રધાન મોદી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહે આજે દિલ્હીમાં ભાજપ ઓફિસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા અમિત શાહે કહ્યું કે, અત્યાર સુધી ચૂંટણી પ્રચારના આધારે કહી શકુ છું કે દેશમાં ફરી એકવાર મોદી સરકાર બનવા જઇ રહી છે. ગત્ત પાંચ વર્ષમાં જે કાંઇ પણ મોટી ચૂંટણીઓ યોજાઇ એમાં અમને સફળતા મળી છે.અમિત શાહે કહ્યું કે, આ ચૂંટણી આઝાદી બાદની ચૂંટણીઓમાં ભાજપની દ્રષ્ટીએ સૌથી વધારે મહેનતી, સૌથી વિસ્તૃત ચૂંટણી અભિયાન રહ્યું છે. આ ચૂંટણીમાં અમારા અનુભવ અનુસાર જનતા અમારી આગળ રહી છે. મોદી સરકાર ફરીથી બનાવવા માટે જનતાનો ઉત્સાહ ભાજપથી આગળ રહ્યો છે. ભાજપ જનસંઘના સમયથી અને ભાજપ બન્યા બાદ સંગઠનાત્મક રીતે કામ કરનારી પાર્ટી રહી છે. સંગઠન અમારા તમામ કાર્યોનું મહત્વનું અંગ છે. અમિત શાહે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, વડાપ્રધાન મોદીનાં નેતૃત્વમાં દેશ વિકસિત થઇ રહ્યો છે. વડાપ્રધાને વિદેશમાં દેશનું માન વધાર્યું છે. મોદી સરકારમાં અર્થવ્યવસ્થા મજબુત થઇ છે. મોદી સરકારની યોજનાઓનો ફાયદો દરેક વર્ગને મળ્યો છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે દેશમાં સક્ષમ સરકાર હોય છે તો રમઝાન પણ હોય છે, આઈપીએલ પણ હોય છે અને ચૂંટણી પણ થાય છે. તેને હું કોઇ મોટી સફળતા તરીકે નથી ગણાવતો. હું માનું છું કે કેટલીક વાતો આપણે ગર્વ સાથે વિશ્વ સમક્ષ કરી શકીએ છીએ. આ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, આ લોકશાહીની શક્તિ વિશ્વની સામે લઇ જવું અમારી ફરજ છે. અમે વિશ્વને પ્રભાવિત કરવું જોઇએ કે અમારા લોકશાહી કેટલી વિવિધતાઓથી છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ચૂંટણી શાનદાર રહી, એક સકારાત્મક ભાવથી ચૂંટણી થઇ. પુર્ણ બહુમતી વાળી સરકાર પાંચ વર્ષ સમગ્ર પુર્ણ કરીને ફરી એકવાર જીતીને આવ્યા તે કદાચ દેશમાં ઘણા લાંબા સમય બાદ થઇ રહ્યું છે.

આ પોતાની જાતમાં એક મોટી વાત છે.વડાપ્રધાને કહ્યું કે, ૧૬મેનાં રોજ ગત્ત વખતે પરિણામ આવ્યું હતું અને ૧૭ મેનાં રોજ એક દુર્ઘટના થઇ.૧૭ મેએ સટ્ટાબાજોને મોદીની હાજર એક મોટુ નુકસાન થયું હતું. સટ્ટો લગાવનારા ત્યારે બધા ડુબી ગયા હતા, એટલે કે ઈમાનદારીની શરૂઆત ૧૭ મેનાં રોજ થઇ ગઇ હતી. જ્યારે હું ચૂંટણી માટે નિકળ્યો અને તૈયારી કરીને નિકળ્યો હતો. મે દેશવાસીઓને કહ્યુ હતું કે ૫ વર્ષ મને દેશે જે આશિર્વાદ આપ્યો તેના માટે હું આભારી છું. તેના ઉતાર ચઢાવ આવે, પરંતુ દેશની સાથે રહ્યો. મારા માટે ચૂંટણી જનતાનો આભારી છું.અમિત શાહે કહ્યું કે, મે ભી ચોકીદાર અભિયાન સફળ રહ્યું. આ નારો પણ વોલેન્ટિયર્સે આપ્યો. આ ઉપરાંત મોદી હે તો મુમકીય નારો પણ વોલેન્ટિયર્સે જ આપ્યો હતો. અમારા ચૂંટણી પ્રચારમાંથી હર બાર મોદી સરકાર નારો નિકળ્યોંદેશનાં ગરીબ, ખેડૂત, મહિલા, ગામ, શહેર, સમાજનાં દરેક વર્ગને અમારી સરકારનાં ૧૩૩ યોજનાઓએ સ્પર્શી છે. ૧૩૩ યોજનાઓના આધારે દેશમાં નવી ચેતનાની જાગૃતી થઇ છે. આ પહેલો પ્રસંગ છે જ્યાં વિપક્ષની તરફથી મોંઘવારી અને ભ્રષ્ટાચાર ચૂંટણી જેવા મુદ્દાઓ નથી. ઘણા સમય બાદ દેશની જનતાએ એવી ચૂંટણી જોઇ છે જેમાંથી આ મુદ્દાઓ ગાયબ હતા.અમિત શાહે કહ્યું કે, અમે ૫૦ કરોડ ગરીબોનાં જીવન સ્તરને ઉંચુ લાવ્યા છીએ. તેમણે આધારભુત સુવિધાઓ આપીને અહેસાસ આપ્યો છે કે દેશનાં વિકાસમાં તેમની પણ જવાબદારી છે.

અમે બુથ અને શક્તિ કેન્દ્રી રચના સાથે જેટલી ચૂંટણી આવે લગભગ તમામમાં સફળતા પ્રાપ્ત કરી છે. ૨૦૧૪માં અમારી પાસે ૬ સરકારો હતી. આજે અમારી પાસે ૧૬ સરકારો છે. હું ખુબ જ ગર્વ સાથે કહી રહ્યો છું કે દેશની આઝાદી બાદ સૌથી વધારે પરિશ્રમી અને વિસ્તૃત ચૂંટણી અભિયાન આપણા નેતા નરેન્દ્ર મોદીજીએ આપ્યું છે.

## જામ્બુઆ હાઈવે પર થયેલા અકસ્માતમાં

# વણકર દંપતિના મોત બાદ વધુ એક કિશોરીનું મોત નિપજયુ

વડોદરા, તા.૧૭

વાઘોડીયાના માડોધર ગામે રહેતા વણકર પરિવારને જામ્બુઆ રોડ પર નડેલા અકસ્માતમાં વણકર દંપતિનું મોત થયા બાદ આજે વધુ એક કિશોરી કિજલ વણકરનું મોત નિપજતા અકસ્માત મોતનો આંક ત્રણ થયો હતો.

વાઘોડીયા તાલુકાના માડોધર ગામે રહેતા મનુભાઈ વણકર બાઈક ઉપર પરિવાર સાથે પોર સુંદરપુરા નજીક આવેલા શાહપુરા લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યાંથી તેઓ લગ્ન પ્રસંગ પતાવી રાત્રીના સમયે બાઈક ઉપર ચાર સવારી પરત જામ્બુઆ હાઈવે પરથી વાઘોડીયા તરફ આવી રહયા હતા એ દરમ્યાન મનુભાઈ વણકરની બાઈકને અજાણ્યા વાહન ચાલકે ટકકર મારી હાઈવે પર ભાગી છૂટયો હતો.

આ બનાવમાં મનુભાઈ સહિત પત્ની તથા તેમના બે બાળકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેમાં જે તે સમયે વણકર દંપતિ મોત ભેટયા હતા. ત્યારબાદ સારવાર હેઠળ બે બાળકો પૈકી કિંજલ મનુભાઈ વણકર (ઉ.વ.૧૫)નું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

કિંજલનાં મૃત્યુ સાથે અકસ્માત મોતનો મૃત્યુ આંક ત્રણ થયો હતો. વણકર પરિવારને કીશોરીનું મોત થતા વધુ એક આંચકો લાગ્યો હતો.

## પીએમ મોદીની સાથે જ રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સ

# મોદીના વિચારો મહાત્મા ગાંધીના વિચારો નથી : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૭

લોકસભા ચૂંટણી ૨૦૧૯ના ચૂંટણી પ્રચારનો શુક્રવારે છેલ્લો દિવસ હતો. છેલ્લા ૨ મહિનાથી ચાલતી રેલી અને ચૂંટણી પ્રચાર પૂરો થવાની ગણતરીની મિનિટો જ બાકી હતી અને તે સમયે જ વડાપ્રધાન મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ મોદીના ખોટા વાયદાઓની વાત કરી હતી અને કહ્યું હતું કે, અત્યારે વડાપ્રધાનજી પણ લાઈવ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે. હું તેમને સવાલ કરવા માંગુ છું. હું તેમને કહેવા માંગુ છું કે, તેઓ મારા સવાલના જવાબ આપે.પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ચૂંટણી અભિયાન માટે પાર્ટી કાર્યકર્તાઓનો આભાર માન્યો છે અને કહ્યું છે કે પીએમ મોદીએ રાફેલ મુદ્દે મારી સાથે ચર્ચા કરવાનો પડકાર કેમ ન સ્વીકાર્યો. પીએમ મોદી અને અમિત શાહની વિચારધારા મહાત્મા ગાંધીની વિચારધારા જેવી નથી. આ ચૂંટણીમાં ચૂંટણી પંચની ભૂમિકા પૂર્વગ્રહવાળી રહી છે અને તેમણે વડાપ્રધાન મોદીના કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને આદેશો આપ્યા છે.રાહુલ ગાંધીએ કહ્યું કે, હું ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસની વિચારધારાથી આગળ વધ્યો છું. વિચારધારાના સ્તર પર માયાવતી, મુલાયમ સિંહ, મમતા અને ચંદ્રાબાબુ નાયડૂ જેવા નેતા બીજેપીને કદી સપોર્ટ નથી કરતાં. અમે બંગાળ અને યુપીમાં ગઠબંધન નથી કર્યું પરંતુ અમે વિચારધારા સાથે જોડાયેલા છીએ. મને જણાવતા ગર્વ થાય છે કે, અમે મોદી જેવા લોકોની સામે લડી રહ્યા છીએ. અમે આરએસએસ જેવા સંગઠન સામે લડી રહ્યા છીએ. કરોડો ભારતીયો અમારી સાથે ઉભા હોવાનો અમને ગર્વ છે.રાહુલ ગાંધીએ કહ્યું અમે પીએમ મોદીના ખોટા વાયદાઓને ઉઘાડા પાડ્યા છે. અમે ઉઘાડું પાડ્યું કે તેઓ ૧૫ લાખ રૂપિયા નહીં આપી શકે. ૨૩ તારીખે ખબર પડી જશે કે જનતા શું ઈચ્છે છે. તેઓ મારા પરિવાર વિશે સતત ટીપ્પણીઓ કરી રહ્યા છે પરંતુ હું તેમના માતા-પિતા વિશે કશું નહીં કહું.

# શિક્ષક અભિરૂચિ કસોટી ટેટનું ૬૨.૩૨ ટકા પરિણામ જાહેર

ગાંધીનગર,તા.૧૭

શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક), પરીક્ષાનું પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું. આ પરિણામ તમામ વિષયોને આવરી લેતું છે. આ પરીક્ષામાં ૧,૮૬,૭૪૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકીના ૧,૨૦,૮૬૨ હાજર રહ્યાં હતા, જ્યારે ૬૫,૮૭૬ ગેરહાજર રહ્યાં હતા. પરીક્ષાનું કુલ પરિણામ ૬૨.૩૨% જાહેર કરવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે, બોર્ડ દ્વારા તારીખ ૨૭ જાન્યુઆરી, ૨૦૧૯ના રવિવારના દિવસે આ પરીક્ષા લેવામાં આવી હતી. થોડા સમય પૂર્વે પરિણામ જાહેર ના કરવા બદલ વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો. જો કે, ચૂંટણી આચારસંહિતાને લઈને બોર્ડ પરિણામ જાહેર કરવામાં વિલંબ થયો હોવાની સ્પષ્ટતા બોર્ડ દ્વારા કરવામાં આવી હતી.

# વિદેશમાં વધુ એક ગુજરાતી વેપારી લૂંટનો શિકાર બન્યો

ભરૂચ,તા.૧૭

વિદેશોમાં પણ ગુજરાતીઓ પર થતા હુમલાઓ અટકવાનું નામ લઇ રહ્યા છે. દિવસેને દિવસે વિદેશોમાં ગુજરાતીઓ ભોગ બની રહ્યા છે, ત્યારે આફ્રિકામાં વધુ એક ગુજરાતી પર હુમલો અને લૂંટ થયાના અહેવાલ મળી રહ્યા છે. આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, આફ્રિકાના વેન્ડા સીટીમાં રહેતાં મૂળ ભરૂચના વેપારી લૂંટનો શિકાર બન્યા છે.આફ્રિકાના વેન્ડા સીટીમાં જે ગુજરાતી વેપારી પર હુમલો થયો છે તે મૂળ ભરૂચના ટંકારિયા ગામનો છે અને તેઓ આફ્રીકાની જબ્બાર બાવા વેન્ડા સીટીમાં હાર્ડવેર એન્ડ પેઈન્ટિંગ કલરની દુકાન ધરાવે છે. તેઓ લગભગ ૧૦ વર્ષથી આફ્રિકામાં વેપાર કરે છે.પરંતુ અચાનક તેમની દુકાનમાં કેટલાક બંદૂકધારી લૂંટારુઓ ઘુસી ગયા હતા. ત્યારબાદ તેઓ ખુબ ગભરાઈ ગયા હતા. લૂંટારુંઓએ બંદૂકની અણીએ ધમકાવતાં તેમણે સરેન્ડર કરીને તમામ રૂપિયા આપી દીધા હતા.આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઇ છે. તેમાં સ્પષ્ટ જોઇ શકાય છે કે, અચાનક જ દુકાનમાં ઘુસી આવેલા બે લુંટારુઓએ કેવી રીતે લૂંટ મચાવી અને ગણતરીની મિનિટોમાં જ રોકડ લઇ ફરાર થઇ ગયા હતા. આ પ્રકારની ઘટનાઓને પગલે આફ્રિકામાં વસતાં ગુજરાતી પરિવારોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પરિણામો પહેલા કોંગ્રેસ એકિટવ મોડમાં મોદીને રોકવા કર્ણાટક મોડલ અનુસરવા તૈયાર

ન્યુ દિલ્હી,તા.૧૭

લોકસભાની ચૂંટણીના પરિણામો પહેલા જ જોડતોડની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી વિપક્ષોને એક કરવા સક્રિય બન્યા છે અને તેલંગણાના મુખ્યમંત્રી કેસીઆર ત્રીજા મોરચાની સરકારની કવાયતમાં લાગી ગયા છે. આ દરમિયાન મોદીને ફરીથી સત્તા પર આવતા રોકવા માટે કોંગ્રેસ કર્ણાટક મોડલની જેમ પણ કેન્દ્રમાં સરકાર રચવાનો દાવો ખેલી શકે છે. જો કે કોંગ્રેસનો પહેલો પ્રયાસ વિપક્ષો સાથે ખુદની સરકાર બનાવવાને લઈને છે.

ચૂંટણીના છેલ્લા તબક્કા પહેલા કોંગ્રેસના મહામંત્રી ગુલાબનબી આઝાદે એક મોટા રાજકીય સંકેતો આપ્યા છે. તેઓ પહેલા કોંગી નેતા છે જેમણે કહ્યુ છે કે પરિણામો બાદ જો તેમના પક્ષને પીએમ પદની ઓફર નહી કરાય તો કોંગ્રેસ તેને મુદ્દો નહી બનાવે. એટલુ જ નહિ અમે કોઈ અન્ય નેતાને પીએમ બનવામાં આડા નહિ આવીએ. કોંગ્રેસનુ લક્ષ્યાંક છે કે, ખેડૂત અને જનવિરોધી ભાજપ સરકારને ફરી ન આવવા દેવી. તેમણે કહ્યુ છે કે જો કેન્દ્રમાં એક ગઠબંધન સરકાર બનશે અને તે ભાજપ વિરોધી પક્ષોના સહકારથી બનશે. કોંગ્રેસ સરકારમાં સામેલ થશે તો પક્ષ તેને પ્રતિષ્ઠાનો વિષય નહિ બનાવે. તેમણે દાવો કર્યો છે કે અમે ન તો ભાજપને કે ન તો એનડીએને સત્તામાં આવવા દેશુ. તેના નિવેદનથી સમજી શકાય છે કે કોંગ્રેસ પીએમ પદ માટે બહુ ધમપછાડા નહી કરે. એટલુ જ નહિ મોદીને રોકવા માટે વિપક્ષોને સહયોગ આપી સરકાર બનાવવાની રણનીતિ પર કામ કરી શકે છે.

કોંગ્રેસ ભાજપને રોકવા માટે કર્ણાટક મોડલ અપનાવી શકે છે. કર્ણાટકમાં ભાજપને સૌથી વધુ બેઠકો મળી હતી અને પછી કોંગ્રેસ અને જેડીએસનો ક્રમ હતો. પ્રદેશમાં કોઈને બહુમતી નહોતી મળી. એવામા કોંગ્રેસે ભાજપને રોકવા માટે જેડીએસની ઓછી સીટ હોવા છતા સીએમ પદ આપીને સરકાર બનાવી હતી.

જો કે રાજયપાલે સરકાર બનાવવા ભાજપને તક આપી હતી પરંતુ ભાજપ બહુમતી મેળવી શકયુ નહોતું.

ચૂંટણીમાં વિપક્ષોએ જે રીતે મોદી વિરૂદ્ધ જંગ છેડી છે કોંગ્રેસમાં નેતૃત્વમાં અનેક પક્ષો નથી આવ્યા ત્યાં તેણે એકલા હાથે ઝંપલાવ્યુ પડયુ છે પણ તેને આશા છે કે બીજા પક્ષો સહકાર આપશે.

# લોકસભા ચૂંટણીમાં પક્ષ વિરોધી કામ કરનાર સામે કોંગ્રેસ આકરા પગલા ભરશે

**અમદાવાદ**,તા.૧૭

ચૂંટણી સમયે પક્ષ વિરોધી કામગીરી કરનારા પ્રતિનિધિઓ પર પાર્ટીના નેતાઓ દ્વારા ખાસ નજર રાખવામાં આવતી હોય છે. આવામાં સમાચાર સામે આવી રહ્યાં છે કે, લોકસભાની ચૂંટણી દરમિયાન પક્ષ વિરોધી કામ કરનાર સામે કોંગ્રેસ આકરા પગલા ભરશે.આટલું જ નહીં, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને પ્રચાર દરમિયાન કોંગ્રેસ પક્ષ દ્વારા આવા પ્રતિનિધિઓ પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. જેના ભાગરૂપે જ ગઈકાલે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ડભોઇના ૭ પ્રતિનિધિઓને સસ્પેન્ડ કર્યા હતા.ગુજરાતમાં લોકસભાની ચૂંટણી દરમિયાન લોકસભા ઉમેદવારો દ્વારા મળેલી ફરિયાદને ધ્યાનમાં લેવાઈ છે. આ મામલે ચૂંટણીના પરિણામો બાદ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને સસ્પેન્ડ કરવામાં આવશે.મળતી માહિતી પ્રમાણે, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, પાટણ જિલ્લા સહિત ૨૦થી વધુ શહેરોના પ્રતિનિધિઓ સસ્પેન્ડ થશે. આ મામલે ગુજરાત કોંગ્રેસના નેતાઓ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે અને આવનાર સમયમાં આકરા પગલાં લેવા અંગે તખ્તો તૈયાર કરાયો છે.

# પાકિસ્તાનમાં હાઈએલર્ટ : એક જ વિસ્તારમાં ૪૦૦થી વધારે બાળકો એચઆઈવી પોઝિટીવ

ઈસ્લામાબાદ,તા.૧૭

દક્ષિણી પાકિસ્તાનમાં અત્યારના સમયે એચઆઈવી ટેસ્ટ માટે રાહ જોઇ રહેલા માતા-પિતા ગભરાયેલા છે. દક્ષિણી પાકિસ્તાનના એક ગામમાં એક ડોક્ટરે પ્રદૂષિત સિરિંજનો ઉપયોગ કરતા અનેક બાળકોને એચઆઈવી ગ્રસ્ત થયા છે. સિંધ પ્રાંતના લરકાનાના બહારના વિસ્તારમાં વસેલા ગામમાં ગત મહિને સ્થપાયેલા પાંચ અલગ અલગ સ્ક્રિનિંગ રૂમોમાં જતા પરિવારો ગભરાય છે.સ્વાસ્થ્ય વિભાગનું કહેવું છે કે, ૪૦૦થી વધારે લોકો જેમાં મોટાભાગે બાળકો છે. તેમને એચઆઈવી પોઝિટીવ મળ્યો છે. આખા પાકિસ્તાનમાં ડોક્ટરો દૂષિત ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે.


## આકર્ષક ઓફર

તમારા સ્વપ્નને સાકાર કરો.
તમારું પોતાનું ઘર ખરીદીને.
વિશાળ ફ્લેટ – આકર્ષક ભાવ

વડોદરા

૨ BHK ઉપલબ્ધ

વિનીત :
9820379021 / 8291916221
ચિરાગ :
9867914724

સરનામું : ફ્લેટ નં. ૧૦૧, બી/એ વીંગ, કલ્પ-નિશાંગ, ગોત્રી રોડ, વડોદરા


## GUJARAT FLUOROCHEMICALS LIMITED

Registered Office: Survey No.16/3, 26 & 27, Village Ranjitnagar – 389 380
Taluka : Ghoghamba, District : Panchmahal, Gujarat. Website : www.gfl.co.in;
CIN : L24110GJ1987PLC009362; Email : contact@gfl.co.in

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Monday, 27th May, 2019, inter-alia, to consider and approve the Audited Financial Results of the Company for the Financial Year ended 31st March, 2019 and to recommend dividend, if any on the Equity shares of the Company.

The above information is also available on the website of the Company www.gfl.co.in and BSE www.bseindia.com and NSE www.nseindia.com.

For **Gujarat Fluorochemicals Limited**
**BHAVIN DESAI**
Company Secretary

Place : Vadodara
Date : 17th May, 2019

## જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ વડોદરા સબ ડિસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ વડોદરા કસ્બાના રે.સ.નં. ૪૯૮ વાળી જમીન, જેનો સીટી સર્વે નં. ૧૪૬૦/એ/૧,૨,૩ વાળી જમીન જે માપમાં આશરે ૪૧૧૬ ચો.મી. જેટલી થાય છે. તે પૈકીની સીટી સર્વે નં. ૧૪૬૦/એ/૧ પૈકીની કુલ ૨૨૨૦.૨૬.૦૨ ચો.મી. જમીન જે દિનેશ રોડ મીલ ઉપર આવેલ છે જેમાં વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશનની રેસીડન્સીયલ સત્યમ શીવમ સુંદરમ નામના બિલ્ડીંગ પૈકી ''સત્યમ એપાર્ટમેન્ટ'' ના ફસ્ટ ફ્લોર ભાગ ઉપર આવેલ સંપુર્ણ બાંધકામ વાળો ફ્લેટ નં. ૧ જેના બાંધકામનું ક્ષેત્રફળ ૭૧.૯૯ ચો.મી. (૭૭૫ ચો.ફુટ) સુપર બિલ્ટપઅપ છે તથા વરાડે પડતી ફાળે આવતી ૩૦.૦૦ ચો.મી. જમીન સહ વાળી મિલકત /ફ્લેટના સંયુક્ત માલીક ૧. કાંન્તીલાલ ગંગારામ પંચાલ તથા ૨. હસુમતીબેન કાંન્તીલાલ પંચાલનાઓ છે અને તેઓએ સદરહું મિલક્ત તેઓના કબજા માલીકી ભોગવટાની તથા બીન બોજામુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા માંગે છે. અમારા અસીલે અમારી પાસેથી સદર મિલક્તના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફિકિટની માંગણી કરેલી છે જેથી સદરહું મિલક્તમાં જે કોઇ વ્યક્તિ, સંસ્થા, બેંક, નાણાકીય નિગમો વિગેરેનો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, સંબધ, અલાખો, બોજો, લોન, ચાર્જ, લીયન, બાનાખત, વાંધો, દાવો તથા ભરણ-પોષણનો હક્ક હોય તો દિન-૭માં નીચે જણાવેલ સરનામે લેખીત પુરાવાસહ મોકલી આપશો. જો મુદતમાં કોઇ વાંધાઓ કે તકરાર આવશે નહી તો મુદત વીત્યા બાદ અમો અમારા અસીલને સદરહું મિલ્કતનું ટાઇટલ ક્લીયરન્સ સીર્ટીફિકિટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની વાંધાઓ કે તકરાર ચાલશે નહી તેની નોંધ લેશા.

**અસીલની સુચના અને ફરમાઈશથી** તા.૧૫-૦૫-૨૦૧૯ વડોદરા.

**પ્રદિપ જી. વ્યાસ**
**પીંકલ પી. પટેલ**
**(એડવોકેટ, ગુજરાત હાઈ કોર્ટ)**
Mo.No. 9825591684,7574848437
e-mail: pvyas302@gmail.com
ઓફીસ : એફએફ-૭, પામ એકઝોટીકા, હાઈટેન્શન ચાર રસ્તા, સુભાનપુરા, વડોદરા

## DIAMINES AND CHEMICALS LIMITED

Diamines Quality driven

**CIN NO: L24110GJ1976PLC002905**

**Regd. Office:** Plot No.13, PCC Area, P.O.Petrochemicals, Vadodara - 391346, Gujarat
**Tel.:** 0265-3920200, **Fax:** 0265-2230218, **Web:** www.dacl.co.in | **E-mail ID:** secretarial@dacl.co.in

**EXTRACT OF AUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2019**

(₹ in lakhs, except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended | | | Year Ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31st March, 2019 (Audited) | 31st Dec, 2018 (Unaudited) | 31st March, 2018 (Audited) | 31st March, 2019 (Audited) | 31st March, 2018 (Audited) |
| 1 | Total Income from Operations | 1,197.08 | 928.73 | 1,001.02 | 4,828.11 | 4,001.11 |
| 2 | Net Profit for the period before Tax and Exceptional Items | 388.38 | 262.03 | 245.16 | 1,781.91 | 976.45 |
| 3 | Net Profit for the period before tax and after Exceptional Items | 388.38 | 262.03 | 245.16 | 1,781.91 | 823.93 |
| 4 | Net Profit for the period after tax and Exceptional Items | 282.78 | 166.27 | 221.13 | 1,313.18 | 708.90 |
| 5 | Total Comprehensive Income for the period | 270.23 | 163.04 | 194.40 | 1,266.04 | 680.01 |
| 6 | Paid-up Equity Share Capital (Face Value Rs. 10/- per share) | 978.32 | 978.32 | 978.32 | 978.32 | 978.32 |
| 7 | Reserves excluding revaluation reserves as shown in balance sheet of previous year | | | | 3,902.71 | 3,282.66 |
| 8 | Earning Per Share of ₹10/- each (not annualised) | | | | | |
| | Basic and Diluted | 2.89 | 1.70 | 2.26 | 13.42 | 7.25 |

**Notes:**

1 The above results have been reviewed by the Audit Committee held on 15th May, 2019 and subsequently approved by the Board of Directors in its meeting held on 17th May, 2019 prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (as amended) prescribed under Section 133 of the Companies Act, 2013.

2 The above is an extract of the detailed format of financial results for the Quarter and Year ended on 31st March, 2019 filed with the Stock Exchange under regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of above results are available on Stock Exchange website www.bseindia.com and Company's website www.dacl.co.in

**By order of the Board of Directors**
**For Diamines and Chemicals Limited**
**Yogesh Kothari**
**Chairman**
**DIN : 00010015**

**Place : Mumbai**
**Dated : 17th May, 2019**

## INEOS STYROLUTION

Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara - 390 023, Gujarat, India.
Corporate Identity Number **(CIN):** L25200GJ1973PLC002436
**Tel.No. :** +91 265 2303201, 2303202; **Fax No :** +91 265 2303203
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2019**

(INR in Lakhs except EPS)

| Sr No | Particulars | Quarter ended on March 31, 2019 | Quarter ended on December 31, 2018 | Quarter ended on March 31, 2018 | For the year ended on March 31, 2019 | For the year ended on March 31, 2018 |
|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 48,217.82 | 44,552.46 | 51,051.24 | 209,053.33 | 195,068.55 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | (2,033.67) | (3,546.45) | 5,040.19 | (1,848.11) | 10,313.10 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | (2,033.67) | (3,546.45) | 5,040.19 | (1,848.11) | 10,313.10 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | (1,360.05) | (2,276.79) | 3,220.19 | (1,246.73) | 6,622.54 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | (1,374.85) | (2,289.32) | 3,136.27 | (1,277.79) | 6,593.60 |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | 60,567.43 | 62,693.23 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | (7.73) | (12.95) | 18.31 | (7.09) | 37.66 |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on May 16, 2019. The audit report does not contain any qualification by the statutory auditors.

(2) The above is an extract of the detailed format of the financial results for the quarter and year ended on March 31, 2019 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and Company's website (www.ineosstyrolutionindia.com).

**For INEOS STYROLUTION INDIA LIMITED**
**Sanjiv Vasudeva**
**Managing Director and CEO**

**Place : Vadodara**
**Date : May 16, 2019**